ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં, (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૫૨/૧૮-૧૯/ 4057 તારીખ 07 SEP 2018

કેસ નં. ૫૨/૧૮-૧૯.

પ્રતિ,
**શ્રી ભૂકંણ નનકુભાઈ જશભાઈ,**
લાભુમાની દેરી પાસે,
મોટા જાદરા,
તા : મહુવા જી. ભાવનગર.
મો : ૯૪૨૮૧૨૩૨૫૬.

**વિષય : ખેતીવાડી વીજ વપરાશના કનેક્શન સિંગલ ફેઝનો પાવર ચાલું કરવા બાબત.**

સંદર્ભ :૧) આપનો પત્ર તા : ૦૮.૦૬.૧૮.
૨) બીવીએનસી/ફોરમ/૫૨/૧૮-૧૯/૨૭૬૧ તા.૨૧.૦૬.૧૮.

માનનીય શ્રી,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

**આપશ્રીની જાણ સારૂ.**

(એમ.પી.સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:– ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

નકલ રવાના:–
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, ભાવનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, આર-૧ મહુવા.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પી.જી.વી.સી.એલ, ઝોનલ કચેરી,
ભાવનગર.

**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ કેસ નં. ૫૨ /૧૮-૧૯ નો હુકમ**

વાદી ની તા.૦૮.૦૬.૧૮ ની રજૂઆત અન્વયે તેમની ફરિયાદનું નિવારણ કરવા જણાવવામાં આવેલ. વાદી શ્રી **શ્રી ભૂકંણ નનકુભાઈ જશભાઈ**, મુ. મોટા જાદરા, તા. મહુવા જી. ભાવનગર દ્વારા તેમના ખેતીવાડી વીજ કનેક્શનમાં સિંગલ ફેઝનો પાવર ચાલુ કરવા બાબત ને લઇને તકરાર ઉભી થતા રજૂઆત કરેલ. જેની ફોરમ દ્વારા પત્ર અત્રેની કચેરીનો પત્ર નં બીવીએનસી/ફોરમ/૫૨/૧૮-૧૯/૨૭૬૧ તા.૨૧.૦૬.૧૮ થી પ્રતિવાદીની કચેરીને યોગ્ય કરવા જાણ કરવામાં આવેલ.

વાદીની સદર ફરિયાદના અનુસંધાને **જરૂરી તપાસ કરી પ્રતિવાદીની** ગ્રામ્ય-૧ પેટા વિભાગીય કચેરીના જુનીયર ઈજનેર દ્વારા વાદીની ફરિયાદને **ધ્યાને લઇ સ્થળ પર જઈ પૂરતા વોલ્ટેજથી પાવર મળી રહે** તેવી કાર્યવાહી કરી આપેલ છે. આમ, વાદીની **ફરિયાદનું સંતોષકારક રીતે નિરાકરણ કરવમાં આવેલ છે**

**આમ, પ્રતિવાદી દ્વારા કરવમાં આવેલ કાર્યવાહી તથા** વાદી દ્વારા તેમના લેખિત પત્ર થી પણ પ્રતિવાદીના નાયબ **ઈજનેરને જણાવેલ છે કે તેઓની ફરિયાદનો** સંતોષકારક નિકાલ થયેલ છે અને સુખદ નિરાકરણ કરવામાં આવેલ છે. અને **હવે વાદીને કોઈ ફરિયાદ રહેતી નથી**, આમ, હવે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ તે મુજબ વાદીની સદર ફરિયાદનો નિકાલ કરવામાં આવેલ છે.

આમ છતાં વાદીને સદર હુકમ સામે વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-30 માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| (બી. જે. દવે) | ૦૭.૦૮.૧૮ (પી. એચ. માવાણી) | (એમ. આર. વજરીયા) |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

તારીખ : ૦૭.૦૮.૧૮

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar